વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૪/૧૧/૨૦૦૯ ને બુધવારના રોજ બપોર ના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૦૫ મી બેઠકની કાર્યવાહી નોંધ :

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

(૧) અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. : અધ્યક્ષશ્રી

(૨) કમિશ્નરશ્રી મહાનગર સેવાસદન, વડોદરા. વડોદરા : સભ્યશ્રી

(૩) પ્રવર નગરનિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત પ્રાદેશિક કચેરી વડોદરા મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના પ્રતિનિધિ : સભ્યશ્રી

(૪) સીટી એન્જીનીયરશ્રી, મહાનગર સેવાસદન, વડોદરા. વડોદરા : સભ્યશ્રી

(૫) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. : સભ્ય-સચિવશ્રી

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુદ્દા નંબર (૧) : સત્તામંડળની તા. ૧/૮/૨૦૦ ૯ ની ૨૦૪ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા.૫/૬/૨૦૦૯ ની ૨૦૩ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૪૯૭/૦૯ તા.૧૬/૬/૨૦૦૯ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૧૯૮૨):</u> સત્તામંડળની તા.૫/૬/૨૦૦૯ ની ૨૦૩ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૦૫/૦૬/૨૦૦૯ ની ૨૦૩ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૫/૦૬/૦૯ ની ૨૦૩ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.**

**ઠરાવ ક્રમાંક (૧૯૮૩): સત્તામંડળની તા.૦૫/૦૬/૨૦૦૯ ની ૨૦૩ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળના માહે જુન-૨૦૦૯ થી જુલાઈ- ૨૦૦૯ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે જુન-૨૦૦૯ થી જુલાઈ- ૨૦૦૯ ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૧૯૮૩): સત્તામંડળના માહે જુન-૨૦૦૯ થી જુલાઈ- ૨૦૦૯ ના આવક તથા જાવકના હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર ( ૪ ) : સ્થાનીક વિકાસના કામો હેઠળ જીલ્લા આયોજન કચેરી ધ્વારા “ પે એન્ડ યુઝ ” ટોઈલેટ બ્લોક બનાવવા ફાળવેલ ગ્રાન્ટ બાબત.**

સરકારશ્રીની નિર્મળ ગુજરાત યોજના સંદર્ભમાં સ્થાનીક વિકાસના કામો હેઠળ જાહેર સૌચાલય બનાવવાના ભાગરૂપે જીલ્લા આયોજન મંડળ, વડોદરા ધ્વારા વુડા વિસ્તારમાં ૧૦ યુનિટના એક ટોયલેટ બ્લોક મુજબ કુલ પાંચ “પે એન્ડ યુઝ” ટોઈલેટ બ્લોક બનાવવા માટે પ્રતિ ટોઈલેટ બ્લોકના રૂા.૭૧૫૭૮૮/- મુજબ કુલ પાંચ ટોયલેટ બ્લોક બનાવવા માટે સને ૨૦૦૮-૦૯ માં કુલ રૂા.૩૫૭૮૯૪૦/- ની ગ્રાન્ટ વુડાને મંજુર કરી તે પૈકી રૂા.૨૫/- લાખનો ટ્રેઝરી, વડોદરાનો ચેક અત્રેનીકચેરીને આપેલ હતો. જયારે બાકીની રકમ કામની પ્રગતિ મુજબ આપવામાં આવનાર હતી. આ અંગે વુડા વિસ્તારમાં આવેલ બીલ ગામ, ભાયલી ગામ, ઉંડેરા તથા પાદરા નગરપાલીકા વિસ્તારમાં બે મળી કુલ પાંચ ટોઈલેટ બ્લોક બનાવવાનુ આયોજન કરેલ હતુ. તથા તે અંગે વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૦૩ ના ઠરાવ ક્રમાંક ૧૯૫૬ મૃજબ મંજુરી પણ મળેલ હતી.

અગાઉ પાંચ ટોયલેટ બ્લોક માટે ગુજરાત મ્યુનીસીપલ ફાયનાન્સ બોર્ડમાંથી આવેલ ગ્રાન્ટમાં વુડા વિસ્તારમાં કુલ પાંચ ટોયલેટ બ્લોક બનાવેલ છે. તેની નીભાવણી એન.જી.ઓ. સંસ્થાઓ ધ્વારા કરવામાં આવી રહેલ છે. એન.જી.ઓ. સંસ્થાના જણાવ્યા મુજબ ગ્રામ્ય વિસ્તાર હોવાના કારણે ટોયલેટનો મહત્તમ ઉપયોગ થતો નથી અને આર્થીક રીતે ખૂબ મુશ્કેલી અનુભવવામાં આવે છે. આમ વુડા વિસ્તારમાં નાના પ્રકારના યુરીનલ બ્લોકોજ ચાલે તેમ જણાય છે. સદર કારણોને ધ્યાને લઈ વુડા ધ્વારા તેવા સ્થળોએ ટોયલેટ બ્લોક બનાવવાનુ વિચારેલ જેનો લાભ પ્રજાને મળી શકે. આ કારણોસર જગ્યા મેળવવામાં વિલંબ થતા જીલ્લા આયોજન મંડળના પત્ર ક્રમાંક નંબર - જઅમ/વહટ/વશી/૭૪૬/૦૯ તા.૩૧/૦૭/૦૯ ધ્વારા સદર કામ અંગે વુડાને આપેલ વહીવટી મંજુરી રદ કરવામાં આવેલ હતી. જેથી સદર ટોયલેટ બ્લોક બનાવવાનુ મુલત્વી રાખવામાં આવેલ છે. તથા તે અંગે આવેલ ગ્રાન્ટ જીલ્લા આયોજન મંડળને પરત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. સદર બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૧૯૮૪ )</u> : જીલ્લા આયોજન મંડળ ધ્વારા વુડા વિસ્તારમાં પાંચ ટોયલેટ બ્લોક બનાવવા અંગે આપેલ વહીવટી મંજુરી રદ કરતાં સદર ટોયલેટ બ્લોક બનાવવાનુ વુડા ધ્વારા મુલત્વી રાખવામાં આવેલ છે. જે બાબતને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ ધ્વારા બહાલી આપવામાં આવી તથા સદર કામ અંગે જીલ્લા આયોજન મંડળ ધ્વારા વુડાને આપેલ રૂા.૨૫/- લાખની ગ્રાન્ટ, તેઓના પત્રાંક નં. જઅમ/હસબ/ ગ્રાંટ/૮૯૭ થી ૯૦૮/૦૯, તા.૨૨/૦૯/૦૯ મુજબ સાવલી તાલુકામાં રોડના કામ અંગે, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વડોદરાને રૂા.૧૦.૯૦ લાખ, શીનોર તાલુકામાં રોડના કામ અંગે, તાલુકા વિકાસ અધિકારીશ્રી, શીનોરને રૂા.૪.૯૮ લાખ તથા સંખેડા તાલુકામાં વિવિધ સ્થળોએ સૌચાલય બનાવવાના કામ અંગે રૂા.૯.૧૨ લાખ તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંખેડાને અલગ અલગ ચેકો ધ્વારા ચુકવવાનુ જણાવેલ છે. તે મુજબ તેઓને ચુકવવા આથી મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૫ ) : વુડા ધ્વારા કરવામાં આવતા વિકાસના કામો અંતર્ગત વડોદરા - સીધરોટ મુખ્ય રસ્તાથી વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા મોજે ખાનપુર જી. વડોદરા ખાતે બનાવવામાં આવનાર ફીલ્ટરેશન પ્લાન સુધી ડામર રોડનુ કામ કરાવવા બાબત.

શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા વુડાની હદમાં આવતા ગામોમાં વિકાસના કામો અન્વયે રસ્તાની સુવિધાઓ તથા અન્ય વિકાસના કામો કરવામાં આવે છે. વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા નુર્મ યોજના હેઠળ નર્મદા કેનાલમાંથી પાણીનો સ્ત્રોત શેરખી ગામ પાસેથી મેળવી તેનો ફીલ્ટરેશન પ્લાન્ટ મોજે ખાનપુર જી. વડોદરા ખાતે બ્લોક નં ૮૧ માં બનાવવાનુ આયોજન હાથ ધરેલ છે. જે અન્વયે વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા સદર વિસ્તાર વુડાની હદમાં આવતો હોવાથી, વડોદરા – સીંધરોટ મુખ્ય રસ્તાથી ફીલ્ટરેશન પ્લાન સુધીનો અંદાજે ૪૩૫ મી. લંબાઈ અને ૫.૫ મી. પહોળાઈનો કાર્પેટ રોડ બનાવવાનુ સુચન થયેલ અને ગ્રામપંચાયતે તેઓને રસ્તા માટે આપવાની થતી જમીનનો ઠરાવ કરેલ, તેની નકલ વડોદરા મહાનગર સેવાસદને અત્રેની કચેરીને આપેલ છે. જે અન્વયે સાઈટ સર્વે કરી તેનો અંદાજ બનાવતાં સદર રોડ બનાવવા માટે પ્રવર્તમાન ગુજરાત સરકાર હસ્તકના આર. એન્ડ. બી. વિભાગ તથા વડોદરા મહાનગર સેવાસદનના એસ.ઓ.આર. ભાવ મુજબ અંદાજીત રકમ રૂા.૨૫.૩૦ લાખ નો ખર્ચ થાય તેમ છે. સદર રોડ બનાવવા માટે તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક ( ૧૯૮૫ ) :</u> વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા નુર્મ યોજના હેઠળ નર્મદા કેનાલમાંથી પાણીનો સ્ત્રોત શેરખી ગામ પાસેથી મેળવી તેનો ફીલ્ટરેશન પ્લાન્ટ મોજે ખાનપુર જી. વડોદરા ખાતે બ્લોક નં ૮૧ માં બનાવવાનુ આયોજન હાથ ધરેલ છે. જેમાં વડોદરા – સીંધરોટ મુખ્ય રસ્તાથી ફીલ્ટરેશન પ્લાન સુધીનો અંદાજે ૪૩૫ મી. લંબાઈ અને ૫.૫ મી. પહોળાઈનો કાર્પેટ રોડ જે વુડા વિસ્તારમાં આવતો હોય બનાવવાના થયેલ સુચનને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ ધ્વારા ચર્ચા વિચારણાને અંતે, સદર રોડ બનાવવા તથા તે અંગે થનાર ખર્ચ રૂા.૨૫.૩૦ લાખને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૬) : જી.ડી.સી.આર ફોર સ્ટ્રકચરલ સેફટીના અનુસંધાને વુડા ખાતે સ્ટ્રકચરલ ડીઝાઈન એક્ષાપર્ટનેઅધિકૃત કરવા બાબત.**

સ્ટ્રકચરલ સેફટીના નવા નિયમો મુજબ સ્ટ્રકચરલ ડીઝાઈન માટે સ્ટ્રકચરલ એક્ષાપર્ટ અધિકૃત કરવાના થાય છે. સ્ટ્રકચરલ ડીઝાઈન એક્ષાપર્ટ માટે સ્ટ્રકચરલ એન્જીનીયરની લાયકાતો ફરજો અને જવાબદારીઓ નક્કી કરવા માટે વુડાની તા.૧૧-૫-૨૦૦૧ ની બોર્ડ બેઠક ૧૬૭ માં ઠરાવ ક્રમાંક ૧૪૭૯ થી ઠરાવેલ વિગતે લાયકાતો અને જવાબદારીઓ પ્રમાણે અરજીઓ મંગાવી ચકાસણી કરી બોર્ડ સમક્ષા મુકી મંજુરી આપવા ઠરાવેલ હતુ.

હાલ સી એઈ એસ કન્સલ્ટન્ટ ધ્દ્રારા સ્ટ્રકચરલ એક્ષાપર્ટ તરીકેની નિમણુક આપવા માટે અત્રે અરજી કરાયેલ છે. તા.૦૭-૦૮-૨૦૦૯ થી રજુ કરેલ અરજીની વિગતમાં સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૯૫ માં થયેલ છે. સંસ્થાપકશ્રી ગીરીશ ધનવાની એમ.ઈ (સીવીલ)૧૯૮૯ માં અન્ય કર્મચારીઓ એમ.-ઈ.(સીવીલ) બી.ઈ.(સીવીલ) ડીપ્લોમાં ઈન સીવીલ, આઈ.ટી.આઈ ડ્રાફટમેન, આર્કિટેકટની લાયકાત ધરાવે છે. તેમજ આ કન્સલટન્ટ ધ્દ્રારા હાઈરાઈઝ તથા મોટા કોમર્શીયલ ૧૦ પ્રોજેકટસની કામગીરી કરાયેલ છે.

ઉપરોકત વિગતે સ્ટ્રકચરલ ડીઝાઈન એક્ષાપર્ટ અંગે લાયકાતો બોર્ડ બેઠક નં.૧૬૭ ના ઠરાવ ક્રમાંક ૧૪૭૯ માં ઠરાવ્યા મુજબ તે અધિકૃત કરવા અંગેનો મધ્દો ચર્ચા-વિચારણા માટે બોર્ડના સભ્યશ્રીઓ સમક્ષા રજુ કરવામાં આવેલ છે. ઠરાવ મુજબ તે વ્યકિત લઘુત્તમ દશ વર્ષથી સ્ટ્રકચરલ ડીઝાઈનની કામગીરીમાં કાર્યરત હોવા જોઈએ લઘુત્તમ પાંચ હાઈરાઈઝ ગ્રાઉન્ડ ફ્લોર બે મુજબથી ઉંચા કોમર્શીયલ આર.સી.સી/ લોડ બેરીંગ મકાનોની ડીઝાઈન કરી કામગીરી પૂર્ણ કરાવેલ હોવી જોઈએ લઘુત્તમ શૈક્ષાણિક કવોલીફીકેશન એમ.ઈ. (સીવીલ) અથવા બી.ઈ. (સીવીલ) ૨૦ વર્ષનો અનુભવ હોવો જોઈએ શ્રી ગીરીશભાઈ ધનવાની તે પ્રમાણેની લાયકાત ધરાવે છે. તેથી સ્ટ્રકચરલ એક્ષાપર્ટ તરીકે અધિકૃત કરવા આ મુધ્દો વુડા બોર્ડ સમક્ષા રજુ કરવામાં આવતાં શ્રી ગીરીશભાઈ ધનવાની વુડા બોર્ડ ધ્દ્રારા નક્કી કરેલ લાયકાતો ધરાવતા હોઈ તેઓને સ્ટ્રકચરલ એક્ષાપર્ટ માટે અધિકૃત કરવા માટે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ

<u>ઠરાવ ક્રમાંક (૧૯૮૬) :</u> અરજદારશ્રી ગીરીશભાઈ એચ. ધનવાની વુડા બોર્ડ ધ્દ્રારા નક્કી કરવામાં આવેલ શૈક્ષાણિક અને અનુભવતી લાયકાત ધરાવતા હોઈ સ્ટ્રકચરલ એક્ષાપર્ટ તરીકે અધિકૃત કરવા ઠરાવવામાં આવ્યુ.અને તે અંગે આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સોંપવાનું ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર (૭) : વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા કપુરાઈ ગામના રે.સ.નં.૯૦ વાળી જમીનમાં બાંધકામ થઈ રહેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો એપ્રોચ રસ્તો દ્ધિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં મુકવા બાબત.**

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદનના પત્ર નં.૧૪૫૬ તા.૧૦-૦૮-૨૦૦૯ થી જણાવેલ છે કે વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા ઝ૦ એરૂક્ર અંતર્ગત કપુરાઈ ખાતે રે.સ.નં.૯૦ પૈકીની સરકારી જગ્યામાં ૪૩ ક્રળ્દ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. આ જગ્યા સરકારશ્રી દ્ધારા વડોદરા મહાનગર સેવાસદનને ફાળવવામાં આવેલ છે. આ પ્લાન્ટ વાળી જમીનમાં જવા આવવા માટે આસપાસની ખુલ્લી ખાનગી જમીનમાંથી બોર્ડ સમક્ષ રજુ કરેલ નકશા મુજબનો એપ્રોચ રસ્તાનો ઉપયોગ થાય છે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનુ બાંધકામ પૂર્ણ થયા બાદ વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા કાયમી ધોરણે ઓપરેશન અને મેઈટિનન્સ કરવાનુ થાય છે. પ્લાન્ટમાં અવર-જવર કરવા માટે પાકા એપ્રોચ રોડની જરૂરીયાત હોઈ એપ્રોચ અંગે રસ્તારેષા નક્કી થઈ તેને મંજુરીની કાર્યવાહી થવા વિનંતી કરેલ છે.

સ્થળે કપુરાઈ ગામની દક્ષિણે કાંસની ઉપરની જમીનનો હાલે નાળિયા રસ્તા તરીકે ઉપયોગ થાય છે. આ કાંસ કપુરાઈ ગામ તરફથી ડભોઈ રોડ ની સામેની બાજુએથી આવે છે. તથા એક કાંસ ઉત્તરે બ્લોક નં.૨૧/૧, ૬૭/૧, ૮૩/૧, ૮૪, ૮૫ ની પૂર્વ બાજુએથી પસાર થઈ બ્લોક નં.૫૬/અ/૧ ની દક્ષિણે થી પસાર થઈ બ્લોક નં. ૬૩ ની પશ્ચિમેથી પસાર થતા કાંસ સાથે જોડાય છે. જેથી આ કાંસની ઉપર ઉત્તર તરફ ૧૨.૦ મીટર રસ્તો સુચિત કરવામાં આવે તો કાંસ યથાવત રહી શકે. વુડા દ્ધારા ૧૨.૦ મીટર સુચિત રસ્તો બ્લોક નં.૬૬/બી/૧ ની દક્ષિણે નક્કી કરેલ છે જેનો નકશો બોર્ડ સમક્ષ રજુ કરેલ છે. તે મુજબ એલાઈનમેન્ટ નક્કી કરી સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવાની થાય. આ મુધ્દો ચર્ચા વિચારણા માટે સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરવામાં આવતા બોર્ડ સમક્ષ રજુ થયેલ નકશા બાબતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક : (૧૯૮૭)** વડોદરા મહાનગર સેવાસદનની માલિકીની રે.સ.નં.૯૦ માં બાંધેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેન રસ્તો દ્ધિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવવા વડોદરા મહાનગર સેવાસદન એ જણાવેલ હોઈ બોર્ડ સમક્ષ રજુ થયેલ નકશા મુજબનો ૧૨.૦ મી. સુચિત રસ્તો દ્ધિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવવા દરખાસ્ત સરકારશ્રીમાં મોકલવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**મુધ્દા નંબર (૮) : ડભોઈ રોડથી સોમાતળાવ થઈ તરસાલી ગામ તરફ જતા પ્રતાપનગર-ડભોઈ રેલ્વે ક્રોસીંગ પાસે ૪૦.૦ મીટર રીંગરોડ પર વૈકલ્પીક ૪૦.૦ મીટર પહોળાઈની સુચિત રસ્તારેખા તથા ઝોનીંગ રદ કરવા બાબત.**

**ડભોઈ રોડથી સોમાતળાવ થઈ તરસાલી ગામ તરફ જતા પ્રતાપનગર ડભોઈ રેલ્વે ક્રોસીંગ પાસે ડી.પી.ની મંજુર ૪૦ મી. પહોળાઈની રસ્તારેખા ડીફેન્સ ખાતાની જમીનમાંથી પસાર થાય છે. રસ્તારેખામાં કપાત થતી ડીફેન્સ ખાતાની જમીન સંપાદન થવાની સંભાવના ન હોવાથી તથા રીંગરોડની કામગીરી અટકી ન પડે તે હેતુથી ડીફેન્સ ખાતાની જમીનને અસર ન થાય તે મુજબની ૪૦.૦ મીટર પહોળાઈની વૈકલ્પીક રસ્તારેખા નક્કી કરી બીપી એમસી એક્ટ-૧૯૪૯ ની કલમ-૨૧૦(૧) હેઠળ વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા જાહેર સુચના આપી વાંધા સુચનો મંગાવેલ હતા. જેમાં આ રસ્તાને કારણે અસર થતી મોજે દંતેશ્વરના રે.સ.નં.૯૦ વાળી જમીન કે જેમાં અલગ અલગ ચાર હિસ્સા થાય છે, તેમાં એક હિસ્સામાં ઓપન સ્પેશ ઝોન દર્શાવેલ હોવાથી જમીન માલિક દ્ધારા તેઓની મહત્તમ જમીન બીનઉપયોગી થતી હોઈ તેઓની રજુઆત પરત્વે ઓપન સ્પેશ વાળા હિસ્સાને ઓપનસ્પેશમાંથી રદ કરવા વુડાને અનુરોધ કરી નવીન રસ્તારેખા અંગે તા.૦૧-૦૮-૨૦૦૯ ની વડોદરા મહાનગર સેવાસદનની સામાન્ય સભામાં ઠરાવ થયેલ છે. જે ઠરાવ સહ વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા તા.૨૫-૦૮-૨૦૦૯ ના પત્ર ક્રમાંક૧૩૫૭/૧ થી ૪૦.૦ મીટર પહોળાઈની વૈકલ્પીક રસ્તારેખા વુડાની મુસધ્દારૂપ દ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા તથા રે.સ.નં.૯૦ પૈકીની ઓપન સ્પેશવાળી જમીનને ઓપન સ્પેશમાંથી રદ કરવા મળેલ દરખાસ્ત પરત્વે મોજે દંતેશ્વરની જમીનમાંથી પસાર થતી સુચિત વૈકલ્પીક રસ્તારેખા મુજબ વિકાસ યોજનામાં ફેરફાર કરવા તથા સર્વે નંબર ૯૦ ની ઓપન સ્પેશ વાળી જમીન રહેણાંક ઝોનમાં તબદીલ કરવા અંગે વુડાબોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે મુધ્દો રજુ થતા રીંગરોડની કામગીરી અટકી ન પડે તે હેતુથી વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા સુચિત કરેલ વૈકલ્પીક રસ્તારેખા અંગે વાંધા સુચનો મંગાવી સર્વે નંબર ૯૦ ની ઓપન સ્પેશ વાળી જમીન રહેણાંક ઝોનમાં તબદીલ કરવા સુચન કરી વૈકલ્પિક રસ્તારેખા અંગે ઠરાવ કરી વિકાસ યોજનામાં તે મુજબ ફેરફાર કરવા દરખાસ્ત રજુ થયેલ હોઈ તે મુજબ વુડાની મુસધ્દારૂપ દ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા ભલામણ કરી સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.**

**<u>ઠરાવ ક્રમાંક : (૧૯૮૮)</u> ડભોઈ રોડથી સોમાતળાવ થઈ તરસાલી ગામ તરફ જતા પ્રતાપનગર ડભોઈ રેલ્વે ક્રોસીંગ પાસે ૪૦.૦ મી. રીંગરોડ પર વડોદરા મહાનગર સેવાસદન દ્ધારા તા.૧-૮-૨૦૦૯ ના રોજ ની સામાન્ય સભામાં થયેલ ઠરાવ મુજબની વૈકલ્પિક રસ્તારેખા તથા રે.સ.નં.૯૦ પૈકીની ઓપન સ્પેશવાળી જમીનને ઓપન સ્પેશમાંથી રદ કરી રહેણાંક ઝોનમાં તબદીલ કરવાની દરખાસ્તને સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવેલ મુસધ્દારૂપ દ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા ભલામણ સહ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા ઠરાવવામાં આવ્યુ.**

**મુધ્દા નંબર (૯) : મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતા મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઈ સરકારશ્રીની મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ૨૦૨ મી બોર્ડ બેઠકમાં ઠરાવક્રમાંક ૧૯૪૦ થી મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ બનાવવા અંગે ઈરાદો જાહેર કરવા ઠરાવેલ તથા તે અંગેનુ અધિસુચન તા.૩/૧/૨૦૦૯ ના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ અને તા.૦૫-૦૧-૨૦૦૯ ના પત્રથી સરકારશ્રીમાં પાઠવવામાં આવેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૦(૩) અને (૩૩) ની જોગવાઈ તથા વુડા બોર્ડ બેઠક ૨૦૪ ના ઠરાવ ક્રમાંક : ૧૯૮૦ થી થયેલ સુચનો ધ્યાને લઈ મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ ના સાહિત્યનો મુસધ્દો તૈયાર કરી તેની સમજુતી આપવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો -૧૯૭૯ ના નિયમ -૧૭ અન્વયે યોજના વિસ્તારના જમીન ધરાવતા જમીન માલિકો તથા હિતસંબંધ ધરાવતી વ્યકિતઓની સભા તા.૨૧-૦૮-૨૦૦૯ ના રોજ પટેલ વાડી અંકોડીયા ગામ તથા પટેલ વાડી ગોરવા ગામમાં રાખવામાં આવેલ અને મીટીંગમાં હાજર તમામને યોજના વિશે સમજુતી આપવામાં આવેલ હતી તથા મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ ને અધિનિયમની કલમ-૪૨ (૧) તથા નિયમ-૧૮ હેઠળ અધિસુચન તા.૨૪-૦૮-૨૦૦૯ ના સરકારી રાજયપત્ર (એકસ્ટ્રા ઓર્ડીનરી) ભાગ-૨ ના પાન નં.૮૯, ૯૦ ઉપર પ્રસિધ્ધ કરી જમીન માલિક/ હિત સંબધ ધરાવતી વ્યકિતઓના વાંધા સુચન આવકારવા બહોળી પ્રસિધ્ધી અર્થે તા. ૨૮/૮/૨૦૦૯ ના સંદેશ તથા લોકસત્તા દૈનિક વર્તમાન પત્રોમાં તથા સંલગ્ન ગ્રામપંચાયત કચેરી તથા સરકારી કચેરીઓમાં જાહેરાત કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ મુસધ્દારૂપ નગર રચના યોજનાને અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) ની જોગવાઈ પ્રમાણે તૈયાર કરી પ્રસિધ્ધ કરી કલમ-૪૮ (૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા માટેની સમયમર્યાદામાં તા.૩-૧૦-૨૦૦૯ થી તા.૨-૧-૨૦૧૦ સુધી સરકારશ્રી ધ્દારા તા ૨૪-૯-૨૦૦૯ ના હુકમ ક્રમાંક : નરચ-૧૨૦૯-૪૪૩૮-લ થી વધારો કરવામાં આવેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ મુસધ્દારૂપ નગર રચના યોજનાનો મુસધ્દો અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવાની જોગવાઈ મુજબ તા.૨૩-૧૧-૦૯ સુધીમાં ઉકત મુસધ્દારૂપ નગર રચના યોજના મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવાની થાય છે.

સરકારી રાજયપત્રમાં ઉકત નગર રચના યોજનાની પ્રસિધ્ધી કર્યા તારીખથી એક માસની સમયમર્યાદામાં કુલ-૯૮ વાંધા સુચનો સત્તામંડળને મળેલ છે. જેની વિગતવાર ચકાસણી કરી મળેલ વાંધાસુચનોના પ્રકાર નક્કી કરી તારીજ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અનવયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર હુ મુસધ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે વુડા બોર્ડ સમક્ષ મુદો રજુ થતા સમયમર્યાદામાં મળેલ કુલ ૯૮ વાંધા અરજીઓ, તથા શહેરી વિકાસ સંકુલન ખેડુત મંડળનુ આવેદન પત્ર તથા ધી બરોડા લેન્ડ એન્ડ બિલ્ડીંગ ડેવલપર્સ એસોસીએશનની રજુઆત તથા સમય મર્યાદાબાદ મળેલ એક વાંધા અરજી, અને આવેદનપત્ર વુડા બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવી જે પરત્વે થયેલ ચર્ચા વિચારણ તથા સર્વાનુમતે થયેલ નિર્ણયની વિગતો નીચે મુજબ છે.

(૧) સમય મર્યાદામાં કુલ-૯૮ અરજીઓ પૈકી ૭૨ અરજીઓમાં એક સરખા પ્રકારની જનરલ રજુઆત હોઈ જેમાં જમીન માલિકો ધ્દારા મુખ્યત્વે ટી.પી. સ્કીમ બનાવવા સામે, કરવામાં આવતી કપાત બાબતે, રાખવામાં આવતી અનામત જમીનો માટે તથા જમીનોની મુલ્યાંકન પધ્ધતિ સામે વાંધો દર્શાવેલ છે જે પરત્વે વિગતવાર ચર્ચા કરતા તેઓની અરજી જાહેરહિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

(૨) સમય મર્યાદામાં કુલ-૯૮ અરજીઓ પૈકી ૮ અરજીઓમાં મુળખંડમાં ક્ષેત્રફળમાં તફાવત અંગે રજુઆત હોઈ જેમાં મોટા ભાગની અરજીમાં ટી.પી.સ્કીમ બાઉન્ડ્રી પર આવેલી પૈકી જમીનોના દર્શાવેલ વિસ્તાર માટે રજુઆત કરેલ છે. જે અંગે ડી.આઈ.એલ.આર શ્રી ધ્દારા થયેલ માપણીની વિગતે તથા યોજનાની હદ તથા જેતે મુળખંડના વિસ્તારનુ ક્ષેત્રફળ ચકાસતા બરાબર જણાયેલ

હોઈ તથા જે તે જમીન માલિક દ્વારા અધિકૃત માપણીશીટો પણ રજુ થયેલ ન હોઈ અરજીઓ ગ્રાહય રાખવા પાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

(૩) સમય મર્યાદામાં કુલ-૯૮ અરજીઓ પૈકી ૬ અરજીઓમાં અંતિમખંડમાંથી ગેસલાઈન પસાર થતી હોવા અંગે રજુઆત હોઈ જેમાં મુળખંડની જમીનમાં જ ગેસલાઈન પસાર થતી હોઈ તેમજ મુંળખંડમાં જ અંતિમખંડ ફાળવવાની નીતી શકય હોય ત્યા અપનાવેલ હોઈ અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતિ હતી.

(૪) સમય મર્યાદામાં કુલ-૯૮ અરજીઓ પૈકી ૭ અરજીઓમાં મુસધ્દારૂપ નગર રચના યોજનામાં ૪૦ % કપાત સામે કરેલ રજુઆત હોઈ જેમાં કપાત અંગે કાયદામાં થયેલ જોગવાઈ, સરકારશ્રીના પરીપત્ર તથા વુડા બોર્ડના ઠરાવ મુજબ કાર્યવાહી થયેલ છે. જેથી અરજીઓ જાહેર હીતમાં ગ્રાહય રાખવા પાત્ર નથી તેમ સર્વ સંમતિ હતી.

(૫) સમય મર્યાદામાં કુલ-૯૮ અરજીઓ પૈકી ૨ અરજીઓમાં બિનખેતી થયેલ હોવા છતાં કપાત વધુ થવા અંગે રજુઆત હોઈ જેમાં અરજી નં. ૪ માં બીનખેતી અંગે રેવન્યુ રેકર્ડમાં ઉલ્લેખ થયેલ નથી તથા અરજી ૯૨ માં બીનખેતી હુકમ ઈરાદો જાહેર થયા બાદનો હોઈ અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતિ હતી.

(૬) સમય મર્યાદામાં કુલ-૯૮ અરજીઓ પૈકી ૧૦ અરજીઓમાં મુળખંડમાં જ અંતિમખંડ ફાળવવા અંગે રજુઆત હોઈ જેમાં શકય હોય ત્યાં મુળખંડમાં જ અંતિમખંડ ફાળવેલ છે. પરંતુ જે મુળખંડમાં રીઝર્વેશન અથવા રસ્તાઓ મુકાયેલ છે, તેઓને જ મુળખંડ બહાર અંતિમખંડ ફાળવેલ હોય અરજીઓ આયોજનની દ્રષ્ટીએ ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

(૭) સમય મર્યાદામાં કુલ-૯૮ અરજીઓ પૈકી ૨ અરજીઓમાં અંતિમખંડના આકાર અંગે રજુઆત હોઈ જેમાં આયોજનની દ્રષ્ટીએ જાહેર હીતમાં અરજી ગ્રાહય રાખવાપાત્ર નથી. તેમ સર્વ સંમતી હતી.

(૮) સમય મર્યાદામાં કુલ-૯૮ અરજીઓ પૈકી ૮ અરજીઓમાં ઉપર જણાવેલ ૧ થી ૭ પ્રકાર સિવાયના વાંધાઓની વિગતો જોતા અરજદારશ્રીની રજુઆતો જાહેરહિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

(૯) સમયમર્યાદા બાદ આવેલ એક વાંધા અરજી ધ્યાને નહી લેવા સર્વ સંમતી હતી.

(૧૦) સમયમર્યાદામાં આવેલ બરોડ લેન્ડ એન્ડ બિલ્ડીંગ ડેવલપર્સ એસોસીએશન તરફથી મળેલ રજુઆત, તથા શહેરી વિકાસ સંકુલ ખેડુત મંડળનુ એક આવેદન પત્ર અને સમયમર્યાદાબાદ આવેલ એક આવેદન પત્ર વચાણે લેતા રજુ થયેલ વિગતોનો ઉપર જણાવેલ અરજીઓમાં સમાવેશ થતો હોઈ તે રજુઆતો જાહેરહિતમાં ગ્રાહય રાખવાપાત્ર થતી નથી. તેમ સર્વ સંમતી હતી.

આમ, ઉપરોકત વિગતે મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ સામે મળેલ રજુઆતો ગ્રાહય રાખવાપાત્ર થતી ન હોઈ તા.૨૧-૮-૦૯ ના રોજ ઓનર્સ મીટીંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ -૪૮(૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક : (૧૯૮૯) મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ ની પ્રસિધ્ધી કર્યા તારીખથી સમયમર્યાદામાં તથા સમય મર્યાદા બાદ મળેલ તમામ અરજીઓની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવા તથા તા.૨૧-૮-૦૯ ના રોજ મળેલ ઓનર્સ મીટીંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં ફેરફાર વગર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧)અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યુ.

મુધ્દા નંબર (૧૦) : મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતા મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઈ સરકારશ્રી મંજુરી અર્થે પાઠવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ૨૦૨ મી બોર્ડ બેઠકમાં ઠરાવક્રમાંક ૧૯૩૯ થી મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ બનાવવા અંગે ઈરાદો જાહેર કરવા ઠરાવેલ તથા તે અંગેનુ અધિસુચન તા.૩/૧/૨૦૦૯ ના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ અને તા.૦૫-૦૧-૨૦૦૯ ના પત્રથી સરકારશ્રીમાં પાઠવવામાં આવેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૦(ઠ) અને (ઠઠ) ની જોગવાઈ તથા વુડા બોર્ડ બેઠક ૨૦૪ ના ઠરાવ ક્રમાંક : ૧૯૮૦ થી થયેલ સુચનો ધ્યાને લઈ મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ ના સાહિત્યનો મુસધ્દો તૈયાર કરી તેની સમજુતી આપવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૭ અન્વયે યોજના વિસ્તારના જમીન ધરાવતા જમીન માલિકો તથા હિતસંબંધ ધરાવતી વ્યકિતઓની સભા તા.૨૧-૦૮-૨૦૦૯ ના રોજ પટેલ વાડી અંકોડીયા ગામ તથા પટેલ વાડી ગોરવા ગામમાં રાખવામાં આવેલ અને મીટીંગમાં હાજર તમામને યોજના વિશે સમજુતી આપવામાં આવેલ હતી તથા મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ ને અધિનિયમની કલમ-૪૨ (૧) તથા નિયમ-૧૮ હેઠળ જાહેર જનતાના વાંધાસુચનો આવકારવા અંગેનુ અધિસુચન તા.૨૪-૦૮-૨૦૦૯ ના સરકારી રાજયપત્ર (એકસ્ટ્રા ઓર્ડીનરી) ભાગ-૨ ના પાન નં.૯૦ ઉપર પ્રસિધ્ધ કરી જમીન માલિક / હિતસંબધ ધરાવતી વ્યકિતઓના વાંધા સુચન આવકારવા બહોળી પ્રસિધ્ધી અર્થે તા. ૨૮/૮/૨૦૦૯ ના ગુજરાત સમાચાર તથા દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાન પત્રોમાં તથા સંલગ્ન ગ્રામપંચાયત કચેરી તથા સરકારી કચેરીઓમાં જાહેરાત કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ મુસધ્દારૂપ નગર રચના યોજનાને અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) ની જોગવાઈ પ્રમાણે તૈયાર કરી પ્રસિધ્ધ કરી કલમ-૪૮ હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા માટેની સમયમર્યાદામાં તા.૩-૧૦-૨૦૦૯ થી તા.૨-૧-૨૦૧૦ સુધી સરકારશ્રી ધ્દારા તા ૨૪-૯-૦૯ ના હુકમ ક્રમાંક : નરચ-૧૨૦૯-૪૪૩૭-લ થી વધારો કરવામાં આવેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ મુસધ્દારૂપ નગર રચના યોજનાનો મુસધ્દો અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવાની જોગવાઈ મુજબ તા.૨૩-૧૧-૦૯ સુધીમાં ઉકત મુસધ્દારૂપ નગર રચના યોજના મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવાની થાય છે.

સરકારી રાજયપત્રમાં ઉકત નગર રચના યોજનાની પ્રસિધ્ધી કર્યા તારીખથી એક માસની સમયમર્યાદામાં કુલ-૧૨૫ વાંધા સુચનો સત્તામંડળને મળેલ છે. જેની વિગતવાર ચકાસણી કરી મળેલ વાંધાસુચનોના પ્રકાર નક્કી કરી તારીજ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અનવયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર હુ મુસધ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે વુડા બોર્ડ સમક્ષ મુદો રજુ થતા સમયમર્યાદામાં મળેલ કુલ ૧૨૫ વાંધા અરજીઓ, તથા શહેરી વિકાસ સંકુલન ખેડુત મંડળનુ સમય મર્યાદામાં મળેલ એક આવેદન પત્ર અને ધી બરોડા લેન્ડ એન્ડ બિલ્ડીંગ ડેવલપર્સ એસોસીએશનની એક રજુઆત તથા સમયમર્યાદા બાદ મળેલ એક આવેદન પત્ર વુડા બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવ્યુ. જે પરત્વે થયેલ ચર્ચા વિચારણા તથા સર્વાનુમતે થયેલ નિર્ણયની વિગતો નીચે મુજબ છે.

(૧) સમય મર્યાદામાં કુલ-૧૨૫ અરજીઓ પૈકી ૪૭ અરજીઓમાં એક સરખા પ્રકારની જનરલ રજુઆત હોઈ જેમાં જમીન માલિકો ધ્દારા મુખ્યત્વે ટી.પી. સ્કીમ બનાવવા સામે, કરવામાં આવતી કપાત બાબતે, રાખવામાં આવતી અનામત જમીનો માટે તથા જમીનોની મુલ્યાંકન પધ્ધતિ સામે વાંધો દર્શાવેલ છે જે પરત્વે વિગતવાર ચર્ચા કરતા તેઓની અરજી જાહેરહિતમાં ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

(૨)સમય મર્યાદામાં કુલ-૧૨૫ અરજીઓ પૈકી ૧૪ અરજીઓમાં અંતિમખંડમાંથી ગેસલાઈન/એચ ટી લાઈન પસાર થતી હોવા અંગે રજુઆત હોઈ જેમાં મુળખંડની જમીનમાં જ ગેસલાઈન/એચ ટી લાઈન પસાર થતી હોઈ તેમજ મુંળખંડમાં જ અંતિમખંડ ફાળવવાની નીતી શકય હોય ત્યા અપનાવેલ હોઈ, અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતિ હતી.

(૩)સમય મર્યાદામાં કુલ-૧૨૫ અરજીઓ પૈકી ૪૩ અરજીઓમાં મુળખંડમાં જ અંતિમખંડ ફાળવવા અંગે રજુઆત હોઈ જેમાં શકય હોય ત્યાં મુળખંડમાં જ અંતિમખંડ ફાળવેલ છે. પરંતુ જે મુળખંડમાં રીઝર્વેશન અથવા રસ્તાઓ મુકાયેલ છે, તેઓને મુળખંડ બહાર અંતિમખંડ ફાળવેલ હોય અરજીઓ આયોજનની દ્રષ્ટીએ ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

(૪)સમય મર્યાદામાં કુલ-૧૨૫ અરજીઓ પૈકી ૬ અરજીઓમાં બિનખેતી થયેલ હોવા છતાં કપાત વધુ થવા અંગે રજુઆત હોઈ જેમાં અરજી નં.૧૬ તથા ૧૭ ના જમીન માલિકો દ્વારા રજુ કરેલ બિનખેતી હુકમ ઈરાદો જાહેર થયા પહેલાનો હોઈ તેમાં કપાતનુ ધોરણ ૪૦ % ને બદલે ૨૦ % મુજબ કરી સુધારો કરવા તથા તે સિવાયની અરજીઓમાં બિનખેતી હુકમ ઈરાદો જાહેર થયા બાદનો હોઈ અરજીઓ ગ્રાહય રાખવા પાત્ર નથી તેમ સર્વ સમતી હતી.

(૫)સમય મર્યાદામાં કુલ-૧૨૫ અરજીઓ પૈકી ૪૧ અરજીઓમાં મુસધ્દારૂપ નગર રચના યોજનામાં ૪૦ % કપાત સામે કરેલ રજુઆત હોઈ જેમાં કપાત અંગે કાયદામાં થયેલ જોગવાઈ, સરકારશ્રીના પરીપત્ર તથા વુડા બોર્ડના ઠરાવ મુજબ કાર્યવાહી થયેલ છે. જેથી અરજીઓ જાહેર હિતમાં ગ્રાહય રાખવા પાત્ર નથી તેમ સર્વ સંમતિ હતી.

(૬)સમય મર્યાદામાં કુલ-૧૨૫ અરજીઓ પૈકી ૫ અરજીઓમાં અંતિમખંડના આકાર અંગે રજુઆત હોઈ જેમાં આયોજનની દ્રષ્ટીએ જાહેર હીતમાં અરજી ગ્રાહય રાખવાપાત્ર નથી તેમ સર્વ સંમતિ હતી.

(૭)સમય મર્યાદામાં કુલ-૧૨૫ અરજીઓ પૈકી ૫ અરજીઓમાં વિકાસ યોજનાની દરખાસ્તો સામે વાંધા રજુ કરેલ છે. જે મુસધ્દારૂપ નગર રચના યોજનાને લગત ન હોઈ અરજીઓ ગ્રાહય રાખવાપાત્ર નથી.તેમ સર્વ સંમતિ હતી.

(૮)સમય મર્યાદામાં કુલ-૧૨૫ અરજીઓ પૈકી ૩૭ અરજીઓમાં ઉપર જણાવેલ ૧ થી ૭ પ્રકાર સિવાયના વાંધાઓની વિગતો જોતા અરજી નં.૨ તથા ૧૩ ની રજુઆત રજુ કરેલ રેકર્ડ પરત્વે યોગ્ય જણાયેલ હોઈ અરજી નંબર ૨ પરત્વે રેકર્ડ મુજબ મુળખંડમાં સ્થાફેર કરવા તથા અરજી નંબર ૧૩ માં રેકર્ડ મુજબ મુળખંડ તથા અંતિમખંડ અલગ દર્શાવી સુધારો કરવા તથા બાકીની અરજીઓના અરજદારશ્રીની રજુઆતો જાહેરહિતમાં ગ્રાહય રાખવા પાત્ર નથી તેમ સર્વ સંમતી હતી.

(૯)બરોડ લેન્ડ એન્ડ બિલ્ડીંગ ડેવલપર્સ એસોસીએશન તરફથી મળેલ રજુઆત, તથા શહેરી વિકાસ સંકુલ ખેડુત મંડળનુ એક આવેદન પત્ર તથા સમયમર્યાદાબાદ આવેલ એક આવેદન પત્ર વચાણે લેતા રજુ થયેલ વિગતોનો ઉપર જણાવેલ અરજીઓમાં સમાવેશ થતો હોઈ તે રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય રાખવાપાત્ર થતી નથી. તેમ સર્વ સંમતી હતી.

આમ, ઉપરોકત વિગતે મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ સામે મળેલ રજુઆતો પૈકી અરજી નં.૨, ૧૩, ૧૬, ૧૭ મળી કુલ-૪ (ચાર)અરજીઓની રજુઆતો રજુ કરેલ રેકર્ડ પરત્વે યોગ્ય હોઈ તે મુજબ કુલ ચાર સુધારા કરવા તથા બાકીની રજુઆતો ગ્રાહય રાખવાપાત્ર થતી ન હોઈ તા.૨૧-૮-૦૯ ના રોજ ઓનર્સ મીટીંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં કુલ-૪ (ચાર) સુધારા આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ -૪૮(૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક : (૧૯૯૦)</u> મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ ની પ્રસિધ્ધી કર્યા તારીખથી સમયમર્યાદામાં તથા સમય મર્યાદા બાદ મળેલ તમામ અરજીઓની રજુઆતો પૈકી અરજી નં.૨,૧૩,૧૬,૧૭ મળી કુલ-૪ (ચાર) અરજીની રજુઆતો પરત્વે રજુ થયેલ રેકર્ડ પરત્વે સુધારા કરવા તથા બાકીની અરજીઓની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવા અને તા.૨૧-૮-૦૯ ના રોજ મળેલ ઓનર્સ મીટીંગમાં પ્રસિધ્ધ થયા મુજબની મુસધ્દારૂપ નગર રચના યોજનામાં કુલ-૪(ચાર) ફેરફાર આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યુ.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

સહી/-
સભ્ય - સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

સહી/-
અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.